# છો રહસ્યો જાણતાં હો તે છતાં, એ બધાં વચ્ચે કદી ખોલાય ના!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

લવજીભાઈ દરજીનું બારડોલીના લીમડાચોકમાં આવેલું મકાન તો નાનું એવું હતું પણ એમને મોટા મકાનની અત્યારે જરૂરેય ક્યાં હતી? ઘરમાં બે જ જણા - લવજીભાઈ અને એમનો દીકરો કરણ. લવજીભાઈની ઘરવાળી તો કરણને સાવ નાનો મૂકીને સ્વર્ગે સીધાવેલી એટલે એને ઉછેરવાની જવાબદારી પણ લવજીભાઈએ ઉઠાવેલી. ઉઠાવવી જ પડે, ક્યાં જાય? એ વખતે કરણ હશે પાંચેક વરસનો.

ધીમે ધીમે કરણ મોટો થતો ગયો. લવજીનો ધંધો દરજીકામનો એટલે કમાણી કેવી થતી હોય એ તો આપણે સમજી શકીએ.

હા, મોટો અફલાતૂન શો-રૂમ હોય અને માલદાર ગ્રાહકો હોય તો જબરદસ્ત કમાણી થાય પણ બિલિમોરા જેવા ગામમાં પોતાના ઘરના આગળના રૂમમાં સાદા સંચા પર સિલાઈ કરતા લવજીની કમાણી પિતા-પુત્રના જીવનનિર્વાહ માટે પૂરતી થઈ પડે એટલી જ થતી હતી.

કરણ ધીમે ધીમે મોટો થતો ગયો. લવજીભાઈ એની પૂરી સંભાળ રાખતા. શાળાએ જવા જેટલો મોટો થયો એટલે એને શાળામાં ભણવા મૂક્યો અને એ જે કામ ઘરનું કરતો હતો એ પોતે ઉપાડી લીધું.

"લવજીભાઈ," ક્યારેક કોઈ સ્નેહી એમને કહેતા, "હવે તમે બીજા લગ્ન કરી લો, દીકરો પણ સચવાઈ જશે ને તમે પણ સચવાઈ જશો."

"હવે મને દીકરાને સાચવતા આવડી ગયું છે," લવજીભાઈ હસીને જવાબ આપતા, "અને, મને સાચવવાની શી જરૂર છે? ઉપરવાળો સાચવે જ છે. ને હવે પરણું તો મારે ઘરવાળીનેય સાચવવી પડે, એના કરતાં હું ભલો ને મારો સંચો ભલો !"

શિખામણ આપનાર દબાતા પગલે વિદાય થતો, ને લવજીનો પગ સંચા પર ફરવા લાગતો.

બારડોલીની સડકો પરથી સમય સરકતો રહ્યો ને લવજીનો દીકરો કરણ હવે કોલેજમાં પણ પગલાં માંડી ચૂક્યો હતો!

જો કે કરણનું ધ્યાન અભ્યાસમાં થોડું ઓછું હતું પણ એનું ધ્યાન વધારે તો કપડાંની નવી નવી ડિઝાઈનો પર જ રહેતું.

કોલેજની લાઈબ્રેરીમાં જઈને એ અખબારોમાં જાહેરાતોમાં આવતાં વસ્ત્રો નિહાળતો રહેતો. લવજીએ એને સંચો ચલાવતાં તો નાનપણથી જ શીખવ્યું હતું, પણ આવા નવી ડિઝાઈનનાં કપડાં સીવતાં તો લવજીને પણ નહોતું આવડતું, તો એ કરણને શું શીખડાવે?

કરણ હિંમત ન હાર્યો. બી.એ. થઈ ગયા પછી એણે નોકરીની તપાસ ન કરી પણ ઘેર પિતાના સંચા પર અવનવા અખતરા શરૂ કર્યા. લગભગ છએક મહિના આવા અખતરા કર્યા પછી એણે એની સાથે કોલેજમાં અભ્યાસ કરતી હતી એવી એની એક મિત્ર શોભનાને બોલાવી.

"શોભના," કરણે કહ્યું, "હું નવી ડિઝાઈનના ડ્રેસ બનાવતાં શીખ્યો છું પણ હજી એકેય બનાવ્યા નથી. જો તું એક ડ્રેસ મને સીવવા આપ તો હું એ એવો સરસ સીવી આપીશ કે તારો વટ પડી જશે. એની સિલાઈના પૈસા હું નહીં લઉં."

"એ તો ઠીક છે કરણ," શોભના બોલી, "પણ મારું કાપડ બગડશે તો?" "તો હું તને એના પૈસા આપી દઈશ, બસ?" કરણે હસીને કહ્યું. શોભના તૈયાર થઈ ગઈ. કરણે એનું માપ લીધું ને બીજા દિવસે શોભના કાપડ લઈને આવી પણ ગઈ. એક અઠવાડિયાની મહેનત પછી કરણે શોભનાનો ડ્રેસ તૈયાર કરી નાખ્યો. એણે ફોન કરીને શોભનાને બોલાવી. "શોભના," કરણે ડ્રેસ એને આપતાં કહ્યું, "આ તારો ડ્રેસ. ઘેર જઈને પહેરી જોજે ને તને ન ગમે તો કાપડના પૈસા મારી પાસેથી લઈ જજે."

એ દિવસે શોભના ડ્રેસ લઈને ગઈ. કરણને પણ સંતોષ થયો કે કામ પૂરું થયું. બીજા દિવસે શોભના આવી અને એની સામે ઊભી રહી. કરણ આશ્ચર્ય પામ્યો - એણે સીવેલો ડ્રેસ પહેરીને જ એ આવી હતી અને ખૂબ સુંદર લાગતી હતી! "કરણ," શોભના બોલી, "ખરેખર તેં દિલથી ડ્રેસ બનાવ્યો છે. આવી ડિઝાઈન ક્યાંય નથી. મને બહુ ગમ્યો. તેં સિલાઈ લેવાની ના પાડી છે પણ હું તને ઈનામ તરીકે 500 રૂપિયા આપું છું, એ લેવાની ના ન પાડતો."

500 રૂપિયા આપીને શોભના ગઈ, એ પછી કરણે હવે પોતાની અલગ દુકાન બનાવવાનું વિચાર્યું.

જો કે એણે બારડોલીની બજારમાં તપાસ કરી તો દુકાનની કિંમત સાંભળીને એ આંચકો ખાઈ ગયો! અને ભાડાની રકમ પણ એને ઘણી વધારે લાગી. આ સ્થિતિમાં હવે શું કરવું એના વિચારમાં એ હતો, ત્યાં જ લવજીએ એને બોલાવ્યો. "જો બેટા," લવજીએ કહ્યું, "હું જાણું છું કે, તારે પોતાની અલગ દુકાન કરવી છે અને બજારમાં ભાવ સાંભળીને તને આઘાત લાગ્યો છે પણ બજારમાં શા માટે તપાસ કરવી જોઈએ?"

" તો શું કરવું પપ્પા?" કરણે પૂછ્યું. "જો, આપણે ઉપરના માળનો ઉપયોગ કરતા નથી," લવજી બોલ્યો, "નીચેના બે રૂમ જ વાપરીએ છીએ તો તું ઉપરના આખા માળમાં જ તારી નવી દુકાન શરૂ કરે તો શો વાંધો? તારી રીતે તું એ માળને શણગાર ને એક નવો આધુનિક સંચો લઈ લે. બેન્કમાંથી તને લોન પણ મળશે. અહીં જ દુકાન શરૂ કર તો આપણે આખો દિવસ સાથે પણ રહી શકીએ."

સત્યનારાયણની કથાના શીરાની જેમ લવજીની વાત કરણના ગળે ઊતરી ગઈ!

બીજા જ દિવસથી કરણે ઉપરના માળની સાફસૂફી શરૂ કરી દીધી. જગ્યા ઘણી વિશાળ હતી એટલે એને લાગ્યું કે થોડી ખુરશી પણ ગ્રાહકો માટે મૂકી શકાશે.

"પપ્પા," એણે લવજીને કહ્યું, "તમારી પાસે એકાદ લાખ રૂપિયા નથી?"



**કરણ તો કન્યાને જોઈને આભો બની ગયો. સપના મનમોહક હતી! એનું સૌંદર્ય જોઈને કરણને તો ઘડીયા લગ્ન કરવાનું મન થઈ ગયું. આંખ ભલે ત્રાંસી હોય પણ એની કાયા કમનીય હતી. એક વાર એના પર નજર નાખનાર નજર ખસેડી ન શકે એટલી એના રૂપની તાકાત હતી**

"બેટા," લવજી બોલ્યો, "આપણી પાસે એક લાખ દસ હજાર રૂપિયાની બચત છે. તારી મમ્મી છાની બચત કરતી હતી પણ એ પૈસા મેં તારા લગ્ન માટે સાચવી રાખ્યા છે. બેન્કો ધંધા માટે લોન આપે, લગ્ન માટે ન આપે એટલે તું બેન્કમાંથી જ લોન લઈ લે."

બીજા જ દિવસે કરણે સુરત જઈને જાપાનના સંચાના, ખુરશીના ને બીજી જોઈતી વસ્તુઓના કોટેશન લઈ લીધા ને બારડોલી સહકારી બેન્કમાં લોન માટે અરજી કરી નાખી. એના આશ્ચર્ય વચ્ચે બે જ દિવસમાં એની લાખ રૂપિયાની લોન મેક ઈન ઈન્ડિયા યોજના હેઠળ મંજૂર પણ થઈ ગઈ. હવે એણે બધી ખરીદી કરી દીધી, સાધનો એ સુરત જઈને લઈ આવ્યો ને દુકાનનું મોટું બોર્ડ બનાવડાવીને ઘરની બહાર ટાંગી દીધું.

એકાદ મહિનો તો ગ્રાહકની ચાતકકંઠે રાહ જોવામાં ગયો પણ બીજા મહિને શોભના એની બે-ત્રણ સખીઓને લઈને આવી, ડ્રેસ સીવવા નાખ્યા, ત્યારથી એનો ધંધો ચાલવા લાગ્યો.

જોતજોતામાં તો કરણને ત્યાં યુવતીઓ ડ્રેસ સીવડાવવા આવવા લાગી. મોટી ઉંમરની સ્ત્રીઓ પણ શા માટે બાકાત રહે? એમણે પણ કરણની સેવાઓનો લાભ લેવાનું શરૂ કર્યું.

એકાદ વરસ પછી લવજીને લાગ્યું કે હવે કરણ માટે કન્યા શોધવી જોઈએ. એમને લાગ્યું કે કરણનો ધંધો સરસ ચાલે છે, એ ગ્રેજ્યુએટ છે તો કન્યા તો રમતમાં મળી જશે. એમણે કરણને વાત કરી ને કરણે પણ સંમતિની લીલી ઝંડી બતાવી એટલે લવજીભાઈએ કરણ માટે કન્યાશોધો અભિયાન શરૂ કર્યું.

શરૂઆતમાં બારડોલીના દરજીઓની કન્યાઓની તપાસ કરી, એકબે જગ્યાએ માગું નાખ્યું પણ જવાબ ના માં આવ્યો એટલે લવજીભાઈ નિરાશ થયા. એમણે બીજાઓને પૂછ્યું, પણ બધેથી ના આવી. એ પછી એમણે કામરેજ, કડોદરા, પલસાણા ને છેક નવસારી સુધી તપાસ કરી પણ બધેથી ના જ આવી. બીજી જ્ઞાતિમાં પણ એમણે તપાસ કરી પણ "દરજીને કોણ કન્યા આપે?" સાંભળવા મળ્યું.

હવે એમણે જાતે જ અખબારમાં જાહેરાત આપીને કરણ માટે કન્યા શોધવાનું નક્કી કર્યું. ગુજરાતનાં છાપાંઓમાં જાહેરાત આપી ઉપરાંત મહારાષ્ટ્રના છાપામાં પણ જાહેરાત આપી.

એકાદ મહિનામાં મહારાષ્ટ્રના યેવલા ગામમાંથી એમને જવાબ મળ્યો - અમારી દીકરી છે. સપના નામ છે એનું. ભણેલી છે, દેખાવમાં પણ સુંદર છે પણ એની આંખ ત્રાંસી છે. જો તમારી ઈચ્છા હોય તો અમે કન્યાને લઈને આવીએ. લવજી મેરાઈ તો જવાબથી એટલા ખુશ થઈ ગયા કે, સંચાના આંટા સવળાના બદલે અવળા ફરતા રહ્યા એનો પણ એમને ખ્યાલ ન રહ્યો!

"બોલ દીકરા," એમણે રાત્રે કરણને બધી વાત કરીને પછી પૂછ્યું, "જો તને વાંધો ન હોય તો આપણે એમને બોલાવીએ." "પપ્પા," કરણ બોલ્યો, "આમ પણ કન્યા મળતી નથી તો ભલે આની આંખ ત્રાંસી હોય, મને વાંધો નથી." લવજી ખુશ થઈ ગયો. એણે તરત જ યેવલા ફોન લગાડયો. "હેલો," એણે ફોનમાં કહ્યું, "હું બારડોલીથી લવજીભાઈ બોલું છું. તમારી દીકરી વિષે વાત કરવી છે." "બોલો બોલો," સામેથી ઉત્સાહપ્રેરક જવાબ આવ્યો, "શી વાત કરવી છે?" "તમે દીકરીને લઈને બારડોલી આવી જાવ," લવજીભાઈએ કહ્યું, "જો બન્નેને અનુકૂળ આવશે તો આપણે અહીં જ સંબંધ નક્કી કરી નાખીશું." એ ફોન પત્યો ને બીજા દિવસે જ યેવલાથી ફોન આવ્યો. "અમે બન્ને જણ રવિવારે દીકરીને લઈને આવીશું. તમારું લોકેશન મોકલશો." કરણે લોકેશન મોકલ્યું ને રવિવારે સવારના જ મહેમાનો આવી ગયા. કન્યાએ આવીને લવજીભાઈને નમસ્કાર કર્યા. કરણ તો કન્યાને જોઈને આભો બની ગયો. સપના મનમોહક હતી! એનું સૌંદર્ય જોઈને કરણને તો ઘડીયા લગ્ન કરવાનું મન થઈ ગયું. આંખ ભલે ત્રાંસી હોય પણ એની કાયા કમનીય હતી. એક વાર એના પર નજર નાખનાર નજર ખસેડી ન શકે એટલી એના રૂપની તાકાત હતી. સંબંધ નક્કી થઈ ગયો ને લગ્નની તારીખ પણ નક્કી થઈ ગઈ.

માગશર મહિનામાં કરણની જાન યેવલા ગઈ. મહારાષ્ટ્રીયન પધ્ધતિએ લગ્ન પણ થઈ ગયા ને રાત્રે કરણની બસ સપનાને લઈને બારડોલી પરત આવવા નીકળી ગઈ. એક અઠવાડિયું સરસ રીતે પસાર થઈ ગયું. બધા નવી વહુના વખાણ કરતા હતા. આટલું બધું રૂપ આપ્યું તો ભગવાને એની આંખ શા માટે ત્રાંસી રાખી હશે એ પ્રશ્ન બધાના મનમાં હતો. અચાનક બારડોલીની બજારમાં જાહેરાત થઈ-આવતા રવિવારે મુંબઈના જાણીતા આંખના નિષ્ણાત સર્જન ડૉ. નિરુપમ શાહ બારડોલીમાં આઈ કેમ્પ કરવાના છે. ત્રાંસી આંખ સહિત આંખની કોઈ પણ તકલીફનો ઉપચાર વિનામૂલ્યે થશે. શનિવાર સુધીમાં સરકારી હોસ્પિટલમાં નામ નોંધાવી જવા. સપના તો ખુશ થઈ ગઈ ને કરણ પણ. બન્ને જઈને નામ નોંધાવી આવ્યાં. રવિવારે સવારના કરણ સપનાને લઈને સરકારી હોસ્પિટલ પહોંચી ગયો. થોડી વારે મુંબઈથી ડૉક્ટર આવ્યા. કરણને તો એવી ધારણા હતી કે, 50-55ની ઉંમરના ડૉક્ટર હશે પણ એણે જોયા ત્યારે ખબર પડી કે, આ તો એકદમ યુવાન ને રૂપાળા ડૉક્ટર છે. ઉંમર નાની છે પણ આંખની ચિકિત્સામાં એ મહારાષ્ટ્રમાં નંબર એક ગણાય છે.

વારાફરતી એમણે દર્દીઓને તપાસવા માંડ્યા. સપનાનો વારો આવ્યો. કરણ બહાર બેઠો. લગભગ અડધો કલાક એની તપાસ ચાલી. પછી ડૉક્ટરે કરણને અંદર બોલાવ્યો. "આમની આંખ ઓપરેશનથી ચોક્કસ સરસ થઈ જશે. મારી ગેરંટી છે," ડૉક્ટરે કહ્યું.

"શું વાત કરો છો સાહેબ," કરણ બોલ્યો, "ક્યારે ઓપરેશન કરશો?" "આજે બપોરે બધી તૈયારી કરીને આજે સાંજના જ એમનું ઓપરેશન કરીશું," ડૉક્ટરે કહ્યું, "ઓપરેશન લાંબું નહીં ચાલે, માત્ર 30 મિનિટમાં તો તમારા મિસિસની આંખો હરણ જેવી જઈ જશે."

સાંજે ઓપરેશન શરૂ કરતા પહેલાં ડૉક્ટરે કરણની સહી કેટલાક કાગળો પર કરાવી લીધી.

થોડી વારમાં ઓપરેશન પૂરું થયું. સપનાની આંખો ખરેખર એકદમ સરસ થઈ ગઈ હતી!

ડૉક્ટરનો આભાર માનીને કરણ અને સપના ઘેર આવ્યાં. "કરણ," લવજી બોલ્યો, "તમે બન્ને લગ્ન પછી ક્યાંય બહાર ગયાં નથી તો કાલે ફરવા ઉપડો. નાસિક, ત્ર્યંબક ને શીરડી ફરી આવો. ચારપાંચ દિવસ આરામથી ફરજો." બીજા દિવસે બન્ને સવારના જ ઊપડી ગયાં. રાત્રે નાસિક પહોંચીને એમણે એક હોટલમાં રૂમ પણ રાખી લીધો. એ વખતે રાતના નવેક વાગ્યા હશે. બન્ને નીચે ડાઈનિંગ હોલમાં જમી આવ્યાં અને થોડી વાર માટે બજારમાં ટહેલવા નીકળ્યાં. "કરણ," સપનાએ રસ્તામાં પૂછ્યું, "આટલામાં ક્યાંય વોશરૂમ હશે?" "હોવો તો જોઈએ," કરણે પૂછ્યું, "બાથરૂમ જવું છે? હોટલ સુધી નથી ચાલે એવું?" "ના કરણ," સપના બોલી, "નથી ચાલે એવું. અરે, જો સામે જ વોશરૂમ દેખાય છે. તું આ ઓટલા પર બેસ, હું બાથરૂમ જઈને તરત આવું છું."

આટલું કહીને એ સડસડાટ વોશરૂમ તરફ ભાગી.

કરણ એની રાહ જોતો ઓટલા પર બેસી રહ્યો. અડધો કલાક થયો છતાં એ ન આવી એટલે કરણને ચિંતા થઈ. એ ઊભો થઈને વોશરૂમ તરફ ગયો. ત્યાં જઈને એણે જોયું તો વોશરૂમને તો તાળું મારેલું હતું! એને લાગ્યું કે, કદાચ એ હોટેલ પર ગઈ હશે એટલે એ લગભગ દોડતો હોટેલ પર ગયો પણ એ ત્યાં પણ ન હતી.

"સપનાભાભીને ગોતે છે કરણ?" અચાનક એના કાને અવાજ આવ્યો ને કરણ ચમક્યો. એણે અવાજની દિશામાં જોયું તો, સરકારી હોસ્પિટલનો પ્યુન શંભુ હતો! "હા શંભુ," કરણ બોલ્યો, "તેં એને જોઈ ક્યાંય?"

"મેં ભાભીને જોયાં હતાં," શંભુ બોલ્યો, "એ કારમાં બેસીને અહીંથી નીકળી ગયાં છે!" "શું....?" વીજળીનો પોલ માથા પર પડ્યો હોય એમ કરણ સ્તબ્ધ થઈ ગયો.

"આ સોફા પર બેસ કરણ," શંભુ બોલ્યો, "હું એકડેએકથી બધી વાત કરું છું." કરણ સોફા પર બેઠો એટલે શંભુએ વાત શરૂ કરી. "તે દિવસે જ્યારે સવારે આંખના ડૉક્ટરે ભાભીની આંખો તપાસી ત્યારે હું ત્યાં જ હતો. એમણે સપનાભાભીની આંખો સારી કરી આપશે એવું કહ્યું, ડૉક્ટર તો એમના પર મોહી પડ્યા હતા ને બન્નેએ લગ્ન કરી લેવાનો પ્લાન બનાવી નાખ્યો.

સપનાભાભી તો ત્રાંસી આંખના હિસાબે જ તારી જોડે પરણ્યાં હતાં. મેં બધું સાંભળી લીધું.

બપોરે સાહેબ ડાઈવોર્સ પેપર પણ ક્યાંકથી લઈ આવ્યા ને સાંજે તમારી સહી પણ એમાં લઈ લીધી. સાહેબે સપનાભાભીને મોબાઈલ આપ્યો ને તમારી બધી હિલચાલ સપનાભાભીએ એમને જણાવી દીધી. સાહેબ પણ સાંજના અહીં આવી ગયા હતા. કાર લઈને એ બન્ને ગયાં ને સવારની ફ્લાઈટમાં મુંબઈથી થાઈલેન્ડ જતાં રહેવાનાં છે." "પણ તારે મને આ બધું અગાઉ કહેવાય નહીં?" કરણે ગુસ્સે થઈને કહ્યું, "છેક એ ચાલી ગઈ પછી તું રહસ્ય ખોલે છે!"

"શું કહું કરણ," શંભુ બોલ્યો, "ડૉક્ટરે મને પૈસા આપ્યા હતા એ તો ઠીક પણ મને મારી માના સોગંદ આપ્યા હતા આ વાત છાની રાખવાના! ને આજે તો હું અહીં મારી માનતા પૂરી કરવા આવ્યો હતો ને તને મળી ગયો એટલે વાત કરી." કરણ શૂન્યમનસ્ક બની ગયો. હવે શું કરવું એ જ એને સૂઝતું નહોતું!

(શીર્ષકપંક્તિઃ દેવેન્દ્ર જોશી)